આકાશવાણી, અમદાવાદ

12-09-2026 Midday: 2.30 to 2.35 pm

SATURDAY Regional News

## GNR DEVELOPMENT WORK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં મહાનગરપાલિકા અને પાટનગર યોજના વિભાગના અંદાજે એક હજાર 848 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે જાહેરસભાને સંબોધતા શ્રી પટેલે રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સિટી-શાહપુર જતા સાબરમતી નદી પરના બ્રિજના મજબૂતીકરણ માટે 12 કરોડ 80 લાખ રૂપિયા, ગિફ્ટ સિટીથી PDPU તરફના જંક્શન અને માર્ગ વિકાસ માટે સાત કરોડ 70 લાખ રૂપિયા તથા રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સિટી સર્કલ સુધી માર્ગ સલામતી તથા પૅવરના કામ માટે સાત કરોડ રૂપિયા ફાળવવાની જાહેરાત કરી.

*("ગાંધીનગર કોબા એરપોર્ટ રોડ તરફ વધતા ટ્રાફિક ભારણને પહોંચી વળવા માટે કોટેશ્વર ક્રોસિંગ પર અંડરપાસ બનાવવાનું જે કામ છે એની આજે હું જાહેરાત કરું છું અને એના માટે ૨૦.૭૬ કરોડ રૂપિયા ફાળવીએ છીએ. ૩૦ ઈ-બસો આજે અહિયાં સેવામાં મુકાય છે. ૭૨ એમએલડીનો સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૨૫૭ કરોડ રૂપિયાનો, સરગાસણ એરપોર્ટ રોડ ૬૦ કરોડ રૂપિયા, શહેરી વિસ્તારના રોડ રિસર્ફેસ માટે ૧૦૬ કરોડ રૂપિયા અને આરએન્ડબીના ૧૫૦ કરોડના કામો તો જુદા.")*

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરને સ્વચ્છ રાખવાનો સંકલ્પ લેવા લોકોને અનુરોધ કર્યો.

*("ગાંધીનગર પહેલા ભી સ્વચ્છ હતું, આજે ભી સ્વચ્છ જ છે, પરંતુ ભવિષ્યમાં આનાથી વધુ સ્વચ્છ કરવાનો સંકલ્પ જોડે આપણે કામ કરવું પડશે. કોઈ ભી શહેર, કોઈ ભી રાજ્ય, કોઈ ભી દેશ એ સ્વચ્છતા દૂતના માધ્યમથી ખાલી સાફ ના થઈ શકે. અહીંયા બેઠેલા અનેક લોકો ખૂબ મોટી ડિગ્રીઓ પ્રાપ્ત કરી હશે, કોઈ ખૂબ વધુ ભણ્યા હશે. પણ તમારી ડિગ્રીઓ જો તમે આ સ્વચ્છતા દૂતની કામગીરી ઓછી કરાવવામાં મદદ નહીં કરો ને તો કોઈ કામની નથી.")*

આ સાથે જ મુખ્યમંત્રીએ પીએમ ઈ-બસ સેવા અંતર્ગત 30 નવી બસનું લોકાર્પણ કરી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ગાંધીનગરના ધારાસભ્યો તથા મેયર સહિત મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે ઈ-બસમાં મુસાફરી પણ કરી.

## CM PATEL GUJ UNIVERSITY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાલ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે "દરિયાકાંઠાની પર્યાવરણ સુરક્ષા અને ટકાઉપણા" અંગેની પરિષદના સમાપન કાર્યક્રમમાં ઉપસ્થિત છે. આ પ્રસંગે શ્રી પટેલ ગુજરાત યુનિવર્સિટીના અમૂલ્ય અને દુર્લભ પુસ્તકોના જ્ઞાનસંગ્રહને ડિજિટલ સ્વરૂપે સંશોધકો, વિદ્યાર્થીઓ અને જ્ઞાનપ્રેમીઓ સુધી પહોંચાડતી મહત્વપૂર્ણ પહેલ "અ કલેક્શન ઑફ રેર બૂક્સ" અને વિશ્વભરમાં વસતા ગુજરાત યુનિવર્સિટીના Alumni એટલે કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એક મંચ પર જોડીને જ્ઞાન, માર્ગદર્શન, મેન્ટરશિપ, સંશોધન, રોજગાર, ઉદ્યોગ અને સંસ્થાકીય સહયોગ માટે નવી તકનું સર્જન કરતી ડિજિટલ પહેલ "ગુજરાત યુનિવર્સિટી ઍલ્યુમની પ્લેટફૉર્મ"નો પ્રારંભ કરાવ્યો.

## PM KISAN SANMAN NIDHI

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ નોંધાયેલા તમામ ખેડૂત લાભાર્થીઓએ આગામી હપ્તાની ચૂકવણી પહેલા દર વર્ષે બાયોમેટ્રિક ઈ-કેવાયસી ફરજિયાત કરાવવું પડશે. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને સમયસર સહાય મળી રહે તે માટે હવે લાભાર્થીઓએ દરેક નાણાકીય વર્ષના પહેલા હપ્તાના રિલીઝ પહેલા નિયત ઈ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે તેમ, કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું.

31 માર્ચ 2026 પછી જે લાભાર્થીઓએ ઈ-કેવાયસી નથી કરાવ્યું, પરંતુ પૉર્ટલ પરના સ્ટેટસમાં ઈ-કેવાયસી – યસ દર્શાવે છે. તે લાભાર્થીઓએ પણ યોજના હેઠળ અવિરત સહાય મેળવવા નવેસરથી ઈ-કેવાયસી કરાવવું પડશે.

## MSN ROAD ACCIDENT

મહેસાણામાં એક માર્ગ અકસ્માતમાં બે લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, વિસનગરની કાસા ચોકડી પાસે ઈલેક્ટ્રોનિક દ્વિચક્રી વાહનમાં બે લોકો જઈ રહ્યા હતા. દરમિયાન દૂધના ટેન્કર સાથે તેમના વાહનની ટક્કર થતાં બંનેના મોત નીપજ્યા છે. પોલીસે આ અંગે ઝડપાયેલા ટૅન્કરચાલક સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

STATE RAIN OVERALL

રાજ્યમાં કેટલીક જગ્યાએ આજે વરસાદી માહોલ તો કેટલીક જગ્યાએ વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. બપોરે 2 વાગ્યા સુધીમાં 42 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ 2 ઈંચ જેટલો વરસાદ ડાંગના સુબીર તાલુકામાં નોંધાયો. આ સાથે જ તાપીમાં વ્યારા શહેર તેમજ ગ્રામીણ વિસ્તારમાં લાંબા વિરામ બાદ ધીમીધીરે વરસાદ થતા લોકોમાં આનંદની લાગણી જોવા મળી. જ્યારે ડાંગમાં આજે સવારે આઠથી 10 વાગ્યા સુધીમાં એક ઈંચ જેટલો વરસાદ ખાબક્યો. મહીસાગરમાં પણ આજે ધીમીધારે વરસાદ થયો હતો.

દરમિયાન હવામાન વિભાગે રાજ્યમાં આગામી 15 તારીખ સુધી વરસાદની આગાહી કરી છે. તે મુજબ, આજે આણંદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. તો, માછીમારોને આવતીકાલથી ત્રણ દિવસ દરિયામાં જતા પહેલા સાવચેતી રાખવાની સલાહ અપાઈ છે.